જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૫/૦૩/૨૦૨૬ રવિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

બી.એન.એસ.એસ.કલમ ૮૪ મુજબ
આરોપીને કોર્ટમાં હાજર થવાનુ ફરમાનઃ– **સમાચાર યાદી નં.૩૭૨/૨૦૨૬**

શહેરકોટડા પો.સ્ટે. ફસ્ટ.ગુ.ર.નં.૨૬૧/૨૦૧૩ ઈપીકો કલમ ૩૦૨, ૪૯૮(એ) મુજબ તથા સેશન્સ કેસ નં.૧૦૪/૨૦૧૪ મુજબ ગુનાના કામે મુન્ના પ્રમોદ સામલ (ઉ.વ.૨૭) (રહે. ૧૭૦ અશોકમીલની જુની ચાલી અનિલ સ્ટાર્ચ મીલ રોડ અમદાવાદ શહેર, મુળ વતન. બનતંડા, પોસ્ટ મનંગા તાલુકો –જીલ્લો કેન્દ્રપરા ઓડીસા) નાઓ ઉપરોક્ત ગુનાના કામે ફરિયાદનો જવાબ આપવા સારૂ નાસતા–ફરતા હોય નામદાર જજ શ્રી એમ.પી.પુરોહીત સાહેબ શ્રી એડીશનલ પ્રિન્સીપલ જજ કોર્ટ નં.૦૨ સિટી સિવિલ અને સેશન્સ કોર્ટ, લાલ દરવાજા, ભદ્ર, અમદાવાદ શહેર સમક્ષ તા.૨૦/૦૩/૨૦૨૬ ના રોજ તથા તે પહેલા હાજર રહેવા ફરમાન કરવામાં આવે છે.

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૩૭૩/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૬૦ કેસ કરી, ૫૯ વ્યક્તિઓને ઝડપી, ૨૬૯ લીટર દેશી દારૂ, ૨૭ બોટલ ઇંગ્લીશ દારૂ, ૭૨૮ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ, ૨૦ બિયર ટીન અને ૦૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૬ કેસ કરી, ૧૯ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૪૮,૫૮૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૩૭૪/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૭૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૦ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૩૭૫/૨૦૨૬**

ઈસનપુરઃ ગગનભાઇ પ્રેમભાઇ સાહુ (ઉ.વ.૩૨) (રહે. વ્રજ રેસીડેન્સી ડી–માર્ટ પાસે નરોડા) એ તા.૧૪/૦૩/૨૦૨૬ ના રોજ ઇસનપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૪/૦૨/૨૦૨૬ કલાક ૧૨/૧૫ વાગ્યાના સુમારે ગગનભાઇ સાહુ નાઓની ઈસનપુર આકાર કોમ્પલેક્ષમાં એસ.પી.એન્ટરપ્રાઇઝ નામની આંગડીયા પેઢી ખાતે આરોપી (૧) રાજુભાઈ એ પોતે પી.એમ.આંગડીયા પેઢીમા કામ કરતા હોવાની ઓળખ આપી તેમજ આરોપી (૨) અલ્પેશભાઈ નાઓ લાલજી મુળજી ટ્રાન્સપોર્ટમા કામ કરતા હોવાની ઓળખ આપી ગગનભાઇ સાહુને હિસાબ કરી બાદમા પૈસા આપવાની વાત કરી ગગનભાઇ સાહુની એસ.પી.એન્ટરપ્રાઇઝ નામની આંગડીયા પેઢી થી મોરબી ખાતેની આંગણીયા પેઢીમાં રૂપિયા ૬,૫૦,૦૦૦/– આંગડીયું કરાવી આરોપી (૩) મનોજભાઇ નાઓએ આંગડીયાની રકમ ઉપાડી લઈ એકબીજાની મદદગારી કરી ગગનભાઇ સાહુને પોતાની ખોટી ઓળખ આપી છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી સી.એલ.રબારી ચલાવે છે.

ચોરીઃ– **સમાચાર ચાદી નં.૩૭૬/૨૦૨૬**

વસ્ત્રાપુરઃ અમનદિપસીંગ ગુરૂદયાલસીંગ સીંગ (ઉ.વ.૪૯) (રહે. ગોયલ ઇન્ટરસીટી વસ્ત્રાપુર) એ તા.૧૪/૦૩/૨૦૨૬ ના રોજ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે અમનદિપસીંગ સીંગના ઘરે ઘરઘાટી તરીકે નોકરી કરતા મહીપાલસીંગ અર્જુનસીંગ સીસોદીયા (ઉ.વ.૨૨) (રહે.ગોહાવાડા તા.ખેરવાડા જી.ઉદેપુર રાજસ્થાન) તા.૨૮/૦૨/૨૦૨૬ થી તા.૧૪/૦૩/૨૦૨૬ સુધીના સમયગાળા દરમ્યાન અમનદિપસીંગ સીંગના ઘરમાંથી કોલ્ટ પોઇન્ટ–૨૫ પીસ્તોલ, દસ રાઉન્ડ, મેગ્જીન તેમજ કવર સાથે કિમત રૂપિયા ૨,૫૦,૦૦૦/– ચોરી કરી લઈ ગયો છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.બી.ગઢવી ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર ચાદી નં.૩૭૭/૨૦૨૬**

નારોલઃ જિતેન્દ્રકુમાર કેશવલાલ સોલંકી (ઉ.વ.૩૭) (રહે. ઓમશાંતી ગોલ્ડ પ્લસ નારોલ) એ અગમ્ય કારણસર તા.૧૪/૦૩/૨૦૨૬ બપોરના ૧૨/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે હિંચકાના કડા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી શ્રી કે.સી.રાણા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી